September 2017

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 11 ● Issue 11 / 128
● Mumbai ● Page 16 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ થતાં જ આપણા કાર્યકરો તરત જ ટ્રેડફેરની તૈયારીમાં લાગી ગયા હતા. તા. ૧૦-૯-૨૦૧૭ને દિને સહારા સ્ટાર હોટલમાં આપણે તૃતિય ટ્રેડફેરનું સફળતાપૂર્વક આયોજન કર્યું તે બદલ હું તમામ કાર્યકરોને અભિનંદન આપુ છું. **સમાજ ઉત્કર્ષ સમિતિએ ૧૮૦થી વધારે સ્ટોલ્સ રાખીને સમાજના બહોળા વિભાગને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે.** આપણા સમાજના ખાસ કરીને ટેક્ષટાઈલ્સ, રિયલ જ્વેલરી, ઈમીટેશન જ્વેલેરી વિગેરે વ્યાપારીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઘણા બધા સ્ટોલધારકોએ સફળતાપૂર્વક સંતોષજનક વેચાણ કર્યું હતું. આ ટ્રેડફેરના આયોજનનો હેતુ સમાજના જુદા જુદા વર્ગ વચ્ચે સંબંધ વિકસાવવાનો છે. આ ટ્રેડફેરમાં આપણા પરિવારો એકમેકના સંપર્કમાં આવે અને કાયમી ધોરણે ધંધાકીય સંબંધ વિકસાવે તો તેથી સમાજ આર્થિક રીતે વધારે વિકાસ પામશે.

આપણા સમાજના યુવક-યુવતિઓ જીવનસાથીની પસંદગી આપણા સમાજમાંથી કરી શકે અને સમાજના સભ્યો સબંધના તાંતણે જોડાઈ વધુ નજદીક આવી શકે તેવા શુભ આશયથી સહારા સ્ટાર જેવી પંચતારક હોટલના સેફાયર લોંજ ખાતે જીવન મહેક દ્વારા 'ડિજીટલ મેચ-મેકીંગ' સમાજના અપરિણિત યુવક-યુવતિઓનો ઔપચારિક મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

રમતગમતના ક્ષેત્રે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ કમિટિએ ''સોમીરા પાટણ પ્રીમીયર લીગ'' દ્વાર **જાન્યુઆરી, ૨૦૧૮માં T20 - Cricket Tournamentનું** આયોજન કરેલ છે. આ માટેના Team Owners Closebidનું તા. ૧-૯-૨૦૧૭ના આયોજન ગોઠવાયેલ જેમાં સમાજના અનેક પરિવારોએ ઉત્સાહભેર ભાગ લીધો છે તે આનંદની વાત છે. સમાજના યુવાવર્ગને આ પ્લેટફોર્મ દ્વારા એક

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩)

## From President's Desk...

With the ending of the festival of Paryushan, our volunteers were immediately immersed in the preparation for the Trade Fair. Consequently, for the success of our third annual Trade Fair held at the Sahara Star hotel on 10/9/17, I would like to thank all the volunteers who contributed to its preparation and process. **The Economic Upliftment Committee had allotted over 180 stalls to participants from diverse fields.** Entrepreneurs working with textiles, real jewelry and imitation jewelry showed great enthusiasm in being a part of the Trade Fair. In fact, numerous stall-owners made sales that successfully met their expectations.

The aim of this trade fair is to cultivate relations between people from different fields and across families for the long run to foster individual and community growth in the years to come.

Moreover, to help the eligible bachelors and bachelorettes from our youthful population find a match within the community, Jeevan Mehek also organized a special digital match-making program within the Sapphire Room at the luxurious Sahara Star hotel.

Additionally, Patan Jain Mandal has also organized numerous contests for a variety of Sports. This year, Patan Jain Mandal's Somira Premier League has organized a T-20 Cricket Competition to be held in January 2018. For this, many families from the community came forward to enthusiastically bid on their preferred teams on 1st September, 2017. This is a prestigious opportunity for many of our youth, and I hope that many cricket enthusiasts with come forth to take active part in this contest.

(Cont'd on Pg 3)

# શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન અહેવાલ



ડૉ. જીતેન્દ્રભાઈનું અભિવાદન કરતા શ્રી અરૂણભાઈ તથા
શ્રી વલ્લભભાઈ ભણશાલી તથા મંડળના હોદ્દેદારો




માંગલિક સંભળાવતા
પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી લબ્ધિચંદ્ર સાગર મ.સા.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે રવિવાર, તા. ૧૩-૮-૨૦૧૭ના **શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાનનું** આયોજન કરવામાં આવેલ.

કાર્યક્મની શરૂઆતમાં મંડળના ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ દ્વારા પધારેલા સર્વે માનવંતા મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ દ્વારા નવકારમંત્રના સ્મરણથી કાર્યક્રમની મંગલમય શરૂઆત** કરવામાં આવેલ તેમજ મુરબ્બી શ્રી પોપટકાકાના ધર્મ પ્રત્યેના અનન્ય રાગથી પ્રેરાઈને તેમના નિધન પશ્ચાત લગભગ ૨૭ વર્ષથી આ કાર્યક્રમનું આયોજન કરી તેમની સ્મૃતિ ચિરંજીવ રાખવામાં આવે છે તેની માહિતી આપવામાં આવેલ સાથોસાથ આજના વક્તા **ડૉ. જીતેન્દ્રભાઈ શાહનો** પરિચય આપતા જણાવેલ કે તેઓના ગુરુ પંડિત બેચરદાસ દોષી જેઓ બહુશ્રુત પંડિત હતા. આગમો તેમને કંઠસ્થ હતા. ભગવતી સૂત્ર પણ મોઢે હતું. તેમના પુત્રનું મૃત્યુ થતા તેઓએ અત્યંત આઘાત અનુભવ્યો હતો. આથી જીવનભર તેમણે વિદ્યાર્થીતરીકે રહેવાનું પસંદ કર્યું હતું.

ડૉ. જીતુભાઈથી એમ તો આપણે સૌ પરિચિત છીએ તેઓએ અત્યારસુધી કેટલાય સાધુ-સાધ્વી ભગવંતોને શ્રુતજ્ઞાન શિખવાડેલ છે. આરાધના કરાવવા આપણા વિસ્તારમાં આવતા–જતા સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદન કરવા જવાય ત્યારે સહજ જીજ્ઞાશાપૂર્વક પુછીએ કે આપશ્રી જ્ઞાન ક્યાંથી પામ્યા ? તો મહદ્અંશે તેઓના મોઢે શ્રી જીતુભાઈનું નામજ સાંભળવા મળે. તેવા વિદ્વાન ડૉ. જીતુભાઈ આજે સમય ફાળવી ખાસ અમદાવાદથી અત્રે પધારેલ છે તે આપણા સૌના માટે ગૌરવની અનુભૂતિ સમાન છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ **મે. બી. અરૂણકુમારના શ્રી અરૂણભાઈ શાહ તથા જૈન શ્રેષ્ઠી શ્રાવક શ્રી વલ્લભાઈ ભણશાલી** તેમજ મંડળના **પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના** વરદ હસ્તે **ડૉ. જીતેન્દ્રભાઈનું પુષ્પગુચ્છ અને રજતચંદ્રક એનાયત** કરી અભિવાદન કરવામાં આવેલ.

આ પ્રસંગે **ડૉ. જીતેન્દ્રભાઈ શાહ** દ્વારા પોતાના વક્તવ્યની શરૂઆત કરતાં જણાવેલ કે, મને વિદ્વાન તરીકે સંબોધવા કે મુલવવામાં આવેલ છે, પરંતુ હું તો એક વિદ્યાર્થી છું અને વિદ્યાર્થી જ રહેવા માગુ છું. ત્યારબાદ **''જૈન શાસનની ગૌરવગાથા''**માં સુધર્માસ્વામી, મુનીશ્રી જંબુ વિજયજી, સંપ્રતી મહારાજે તેમના કાળમાં તેમણે સવા લાખ જિનાલયો તથા સવા કરોડ પ્રતિમાજીઓ ભરાવેલ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, મહારાજા કુમારપાળે ૧૮ દેશોમાં અમારી પાલન કરાવેલ, તેમાં અકબર બાદશાહ જે રોજ ચકલીઓની જીભનું ભોજન કરતા તે વ્યસનને છોડાવ્યો. ગુર્જરેશ્વર શ્રી વસ્તુપાલ - તેજપાલ, દાનવીર શેઠ જગડુશા, ભામાશા તેમજ જૈન શાસનની ગરીમા જાળવવા ચંપા શ્રાવિકાએ કરેલ ૧૮૦ ઉપવાસની આરાધના ઈત્યાદિ તેમના જીવનમાં થયેલ અણમોલ કાર્યો અને મેળવેલ સિદ્ધિઓના પ્રેરક પ્રસંગો, નિર્ગ્રંથ (ગ્રંથી રહીત)માંથી અપભ્રંશ થતાં થતાં આજનો જૈન શબ્દ કેવી રીતે ઉદ્‌ભવ્યો તેમજ દિક્ષા એટલે શું ઈત્યાદિ શૌર્ય સભર માહિતી સવિસ્તાર રજુ કરવામાં આવેલ.

**પ.પૂ.પં. પ્રવર શ્રી લબ્ધિચંદ્ર સાગર મ.સા.** દ્વારા પણ પ્રસંગ અને વિષયને અનુરૂપ વસ્તુપાળ-તેજપાળ દ્વારા જિનાલયો, શિવાલયો, મસ્જિદો ઈત્યાદિના પણ નિર્માણ કરવામાં આવેલ તેનો મર્મ સમજાવેલ. જે આચાર્ય ભગવંતો દ્વારા શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ કરાયેલ છે. તેની રજૂઆતની સાથોસાથ માંગલિક સંભળાવવામાં આવેલ.

કાર્યક્રમની સમાપ્તિએ દાતા પરિવાર તરફથી પ્રભાવના કરવામાં આવેલ.







ઉદ્‌બોધન કરતા ડૉ. જીતેન્દ્રભાઈ શાહ, શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ તથા
ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ



મંચસ્થ મહાનુભાવો પ્રમુખ શ્રી દિનેશભાઈ,
ડૉ. જીતેન્દ્રભાઈ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

તક મળી રહી છે. સમાજના ક્રિકેટ ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઉત્સાહપૂર્વક આગળ આવશે તેવી હું આશા રાખું છું.

પાટણ સમાજના ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓના સન્માન સમારંભનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવનાર છે. આપના પરિવારમાંથી કે સગા-સંબંધીઓમાંથી જે વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણાંક મેળવેલ હોય અને ફોર્મ ન ભર્યુ હોય તો તાત્કાલિક ફોર્મ ભરી મોકલાવશો.

દિવાળી નૂતનવર્ષ સ્નેહ મિલન દર વર્ષની જેમ આ વર્ષે પણ મણીલાલ લલ્લુચંદ શાહ પરિવાર (અતુલ ડ્રગ હાઉસ)ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯-૧૦-૨૦૧૭ને દિવસે ગરવારે ક્લબમાં આયોજીત કરેલ છે. દિવાળી નિમિત્તે એક જ સ્થળે સૌ ભેગા થઈએ સમયની બચત કરી સમાજના સૌને મળી શકીશું, હું આશા અને વિશ્વાસ રાખું છું સમાજના સૌ આ પ્રસંગે ઉત્સાહભેર સહભાગી થશે.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

To felicitate the high-ranking students of the Patan Jain community we will be organizing an event very soon. Please inform anyone who may be eligible for this and may not have filled out the form as yet.

Lastly, for celebrating the New Year that commences upon the day of Diwali, as happens every year, we will be organizing an enjoyable get-together with the combined contribution of Manilal Laluchand Shah Family (Atul Drug House), at the Garware Club. This will be held on 29/10/17.

Allowing everyone to meet in one location instead of making individual house visits, this saves time and encourages the growth of community relations. Keeping this in mind, I am hopeful that everyone will be sure to attend this event with a jovial festive spirit.

❑ Dinesh Shantilal Shah

## સંસ્થા સમાચાર

**શ્રી મલાડ-કાંદિવલી પાટણ જૈન મિત્ર મંડળનો** આગામી વાર્ષિક કાર્યક્રમ તા. ૫-૧૧-૨૦૧૭ રવિવારના રોજ **મયૂરવન ક્લબ એન્ડ હોલીડેઝ રીસોર્ટસ પ્રા. લી.,** વાડા ખાતે નક્કી કરવામાં આવ્યો છે. મલાડ-કાંદિવલીમાં રહેતા પાટણના પરિવારોને જોડાવવા ખાસ આગ્રહભરી વિનંતી છે. પરિવાર દીઠ રૂા. ૧૦૦/- લવાજમ તથા વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦/- પાસ ના રાખેલ છે. કાર્યક્રમ અંગે વિશેષ જાણકારી માટે નીચે જણાવલેલ વ્યક્તિનો સંપર્ક કરવો.

મિલનભાઈ વિપિનચંદ્ર શાહ - 9324370338

દિલીપભાઈ મફતલાલ શાહ - 9821565156

### ભુલ સુધાર

ઓગસ્ટ માસમાં **પાટણનું ગૌરવ હેઠળ** યોગીનીબેન યતિનભાઈ શાહની સુપુત્રી વૈભવી સુધારીને વાંચવું.


## મકાન વેચવાનું છે

**પાટણ - ખેતરવશીના પાડામાં બ્લડ બેન્ક પાસે ગ્રાઉન્ડ ફ્લોર, ૧ લો માળ, ટેરેસમાં મોટી કેબીન, ફસ્ટક્લાસ બાંધકામ**

**કોન્ટેક્ટ :**

**શાંતિભાઈ** મો. : 09979332710

**મોનાલી કોઠારી** મો. : 09820612558

ADVT



ઓગસ્ટ માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

| | | | |
|---|---|---|---|
| શ્રીમતી કેશલ જૈન સંઘ (ખેતવાડી) | રૂા. ૧,૧૧,૧૧૦ | શ્રી ગીરનાર ચિત્રકુટાદિ તીર્થોદ્ધારક સંઘ | રૂા. ૨૧,૦૦૦ |
| શ્રીમદ્ રાજચંદ્ર જીવદયા ટ્રસ્ટ | રૂા. ૧,૦૦,૦૦૦ | શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ | રૂા. ૧૫,૦૦૦ |
| H.U. Consultansy P.Ltd. (Pune) | રૂા. ૧,૧૦,૦૦૦ | Lancet Chemicals and Pharmaceuticals | રૂા. ૧૨,૦૦૦ |
| શ્રી કનાસાનો પાડો જૈન સંઘ જીવદયા ટીપ (૧૧ મેમ્બર) | રૂા. ૫૧,૦૦૦ | શ્રીમતી શિલ્પાબેન નિલેશભાઈ દોશી | રૂા. ૧૨,૦૦૦ |
| બેબી આદિત્યભાઈ શાહ | રૂા. ૫૦,૦૦૦ | શ્રી રાજીવ પ્રવિણચંદ્ર એમ. શાહ (ધોબીતલાવ) | રૂા. ૧૨,૦૦૦ |
| શ્રી દોરડા જૈન સંઘ (દોરડા) | રૂા. ૫૦,૦૦૦ | શ્રી પ્રવિણભાઈ ભાયચંદ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રીમતી દામીનીબેન પરેશભાઈ ઝવેરી | રૂા. ૫૦,૦૦૦ | શ્રીમતી કલાબેન ટી. સંઘવી | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી વિલેપાર્લા શ્વે. મુ. જૈન સંઘ (વિલેપાર્લા) | રૂા. ૫૦,૦૦૦ | શ્રીમતી ભાવલીબેન નિખીલભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| મહાવીરનગર જૈન સંઘ (કાંદિવલી)શ્રાવક-શ્રાવિકા | રૂા. ૪૦,૦૦૦ | શ્રી તરૂણભાઈ કેશરીચંદ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી શ્યામસુંદર નગીનદાસ માલવાની ફેમીલી | રૂા. ૩૧,૦૦૦ | શ્રી હર્નીકભાઈ રમણલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| Do it Impex P. Ltd. (હ. કમલેશભાઈ) | રૂા. ૩૧,૦૦૦ | શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ ખેમચંદ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી નિરંજનભાઈ રણછોડદાસ શાહ | રૂા. ૨૫,૦૦૦ | શ્રી મુકેશભાઈ લલીતભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી મંગળભાઈ ચંદુલાલ શાહ | રૂા. ૨૧,૦૦૦ | શ્રી સંકેતભાઈ રોહીતભાઈ શાહ | રૂા. ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ હરસુખલાલ શાહ | રૂા. ૨૧,૦૦૦ | શ્રી કલ્યાણકારી સિદ્ધાર્થ નગર મુ. જૈન સંઘ (ગોરેગામ) | રૂા. ૧૦,૦૦૦ |
| | | શ્રી માતૃઆશિષ જૈન સંઘ (મુંબઈ) | રૂા. ૧૦,૦૦૦ |

ADVT

## તંત્રી સ્થાનેથી...

# ઢોંગી-ધૂતારા સાધુબાવાઓથી સાવધાન...!

**સ્વામી આનંદ કહેતા કે, ''સાધુ તો દો રોટી ઔર એક લંગોટીકા હક્કદાર હોતા હે !''પરંતુ આજના સાધુ બાવાઓ તો અંધશ્રદ્ધાળુઓને જ 'દો રોટી ઔર એક લંગોટીના હક્કદાર બનાવવાની ફીરાકમાં હોય છે. ''સાધુ તો ચલતા ભલા'' આ ઉક્તી તો પ્રાચીન થઈ, પરંતુ આર્વાચીન ઉક્તી તો ''સાધુ તો લુટતા ભલા'' જ હોઈ શકે.**

આપણા દેશની પ્રજા એટલી ભોળી છે કે, ભગવા કે શ્વેત વસ્ત્ર ધારણ કરી ધર્મનું મ્હોરું ચઢાવી માત્ર પ્રવચન કરવાની કાબેલિયત અને પોતાના નામની આગળ કે પાછળ **''બાબા'', ''બાપુ'' ''માઁ''** કે **''સ્વામી''** લગાવીને વ્યક્તિ લાખોની મેદની એકઠી કરી શકે છે. અજ્ઞાન, લોભ, વહેમ અને અંધશ્રદ્ધાના અંધકારમાં વસતા 'પામરો' આવા પાખંડીઓના ભક્તો થઈ જાય છે. રાજકીય નેતાઓ સરકારી અમલદારો તેમજ શ્રદ્ધાળુઓને યેનકેન પ્રકારે ઠગીને આવા **ઢોંગી મહાત્માઓ** કરોડોનું સામ્રાજ્ય ખડું કરી એશોઆરામ અને વ્યાભિચાર કરતા હોય છે. આપણા દેશમાં ગામેગામ આવા નાના-મોટા ધૂતારાઓ આશ્રમો (અડ્ડાઓ) ખોલીને પુજાઈ રહ્યા છે.

આનો તાજો દાખલો **બાબા રામ રહીમનો** છે. તેમની અગાઉ નજીકના ભૂતકાળમાં **બાબા રામપાલ, આસારામ બાપુ, રાધે માઁ, નિત્યાનંદ સ્વામી** વિગેરેની વાતો આપણે ઈલેક્ટ્રોનિક મિડિયા (ટીવી)માં જોઈ સાંભળી તેમજ પ્રિન્ટ મિડિયા (અખબારો - મેગઝિનો)માં વાંચી છે એટલે અહીં દોહરાવવી નથી.

**''વૈરાગ્ય''**ના નામે ઉઠા ભણાવતા આજના બાવાઓ **'વૈભવી જીવન'** જીવી રહ્યા છે. ધર્મ, આ ધૂતારાઓ માટે ધંધોજ હોય છે અને તેને વધારવા આ પાખંડીઓ માનવતાને ન છાજે તેવા સાધનો, સિફારસો અને ષડયંત્રોથી પોતાની જાતને **''ઈશ્વરના અવતાર''** કહેવડાવવા, પ્રસિદ્ધિની પાછળ પાગલ થઈને આંધળી દોટ મુકે છે. પટ્ટકથાઓ લખાવી ફિલ્મોમાં હીરોની ભૂમિકાઓ પણ ભજવે છે.! એમની **કથની અને કરણીમાં ઘણું મોટુ અંતર હોય છે.** વાસના અને ધન દોલતની એમની તૃષ્ણા ક્યારેય તૃપ્ત થતી નથી અને વ્યાભિચારની આંધી વહેલા-મોડા એમની જીવન નૌકાને ડુબાડે છે. કાયદાનો અમલ થતાં આવા પાખંડીઓ 'કારાવાસ'માં કેદી બનીને સૃષ્ટિમાંથી વિદાય લે છે.

ધુતારાઓના ધતીંગને સમજી ના શકનાર અને ધનની લાલસામાં રાચતા લોભીયાઓ તેમના પ્રત્યે આકર્ષાય છે, અને ત્યારબાદ અધ:પતનની ઊંડી ખાઈ તરફ ધકેલાતા હોય છે છતાં સમાજમાં રતુંબડુ મોઢુ રાખી તેમના યશોગાનની ગાથા રેલાવાતા, અજાણતા પણ અન્યોને તેમની જાળમાં સપડાવવા નિમિત્ત થતા હોય છે.

આ પાખંડીઓ અંધશ્રદ્ધાના આધારે જે પ્રકારે ભક્તોનું શોષણ કરે છે, તે જોતા તો એમજ લાગે કે આપણે હજુ અંધકારયુગમાં જ જીવીએ છીએ. કહેવાય છે કે, **''દંભનો દશકો હોય અને સત્યની શતાબ્દિ''** એટલે રાજકીય ઈચ્છા શક્તિ હોય તો ધર્મના નામે અધર્મ આચરતા આવા **લુચ્ચા-લંપટોને** ઉગતા જ ડામી શકાય. આપણા શાસકો આતંકવાદીઓ ઉપર **'સર્જીકલ સ્ટ્રાઈક'** કરી સરહદ પાર ચમત્કાર કરે છે તેવી ઈચ્છા શક્તિ દેશની અંદર આવા ધૂતારાઓને સાફ કરવા બતાવે તો લાખ્ખો દેશવાસીઓ આર્થિક, શારિરીક તથા માનસિક પાયમાલીથી બચશે.

કહેવાય છે કે, મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. આવા બાબાઓના દ્વારે જતા ખરેખર, ઘણા ઓછા લોકો બુદ્ધિનો ઉપયોગ કરે છે. કોઈ પણ વ્યક્તિને ગુરુ કે મહાત્મા તરીકે સ્વીકારતા પહેલા તે વ્યક્તિના વિચાર તેમજ આચાર જાણવા જોવાની વિવેક બુદ્ધિ વાપરીએ તો આવા ઠગોથી મહદ્અંશે બચી શકાય. આત્મવિશ્વાસના અભાવથી કેટલાક લોકો અંધવિશ્વાસમાં પડી જાય છે. તેમજ સામે પક્ષે **''અસત્યના શરીર પર દંભના વસ્ત્રો એવા ચઢાવેલ હોય છે કે, આ દંભીઓના દંભને ઓળખવામાં ભલભલા મહારથીઓ પણ થાપ ખાય છે એ હકીકત છે.''**

**બાબા રામ રહીમને** સજા થઈ છે. બીજા ઘણા બાપુઓ પર કેસ ચાલે છે અને ભવિષ્યમાં સજા થશે, પરંતુ આપણે પણ સમજવું જોઈએ કે આવા બાબાઓ - બાપુઓના પૂજન અર્ચન કરતા, પ્રવર્ચનો રાખતા તેમજ વોટ્સએપમાં તેમની ક્લિપો ફોરવર્ડ કરતા આપણે પણ ઓછા જવાબદાર નથી જ.

❑ **સંપાદક સમિતિ**

**''પાપ અને પારો કોઈ પચાવી શકતું નથી, કોઈ માણસ છાનોમાનો પારો ખાય તો કોઈને કોઈ દિવસ તે શરીરે ફૂટી નીકળે તેમ પાપ કરીએ તો તેનું ફળ કોઈને કોઈ દિવસ ચોક્કસ ભોગવવું પડે.''**

**- શ્રી રામકૃષ્ણ પરમહંસ**

PATOLA OF PATAN PVT. LTD
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.
Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484
Tel (91-2766) 232172 / 222182
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT

* Choreography for wedding & Events
*Regular Dance Class at Nanachowk
DHRUVI SHAH DANCE
Call: 9820238275 / 9930068275
Follow @ dhruvishahdance
On YouTube Facebook & Instagram
ADVT

# ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વરસીતપ, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસની ઉગ્ર તપશ્ચયાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનું અનુમોદન કરતા ગર્વ અનુભવીએ છીએ.

| નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| **૧૬ ઉપવાસ તપ** | | | |
| ધારા જીગરભાઈ શાહ | ૩૦ | કાંદિવલી | શામળાજીની શેરી |
| અશીની મિલનભાઈ શાહ | ૨૦ | મલાડ | કોકાનો પાડો |
| વિધિ અજયભાઈ શાહ | ૨૩ | પેડરરોડ | ભાભાનો પાડો |
| પ્રાંજલ જતીનભાઈ શાહ | ૧૬ | જોગેશ્વરી | ખડાખોટડીનો પાડો |
| **૧૧ ઉપવાસ** | | | |
| હિતેશી રાજેશભાઈ શાહ | ૨૨ | કાંદિવલી | સિદ્ધચક્રની પોળ |
| સોનલબેન જીજ્ઞેશભાઈ શાહ | ૪૮ | મરીનડ્રાઈવ | કેશુશેઠનો પાડો |
| **૯ ઉપવાસ** | | | |
| રિયા કેતનભાઈ શાહ | ૨૨ | ગોરેગામ | ખડાખોટડીનો પાડો |
| અનિતાબેન વિપુલભાઈ શાહ | ૫૮ | ખેતવાડી | કનાસાનો પાડો |
| દિવ્ય વિપુલભાઈ નગરશેઠ | ૧૭ | મરીનડ્રાઈવ | મરીનડ્રાઈવ |
| બેલાબેન વિરેન્દ્રભાઈ શ્રોફ | ૬૨ | મરીનડ્રાઈવ | ખડાખોટડીનો પાડો |
| **અઠ્ઠાઈ** | | | |
| સિદ્ધિ ભાવિનભાઈ શાહ | ૦૯ | બોરીવલી | મણિયાતી પાડો |
| પુજા પુનિતભાઈ શાહ | ૩૫ | અંધેરી | શાંતિનાથની પોળ |
| વિકલ્પા વિશાલભાઈ શાહ | ૩૮ | વાલકેશ્વર | ભાભાનો પાડો |
| આર્યન વિલેશભાઈ સાલવી | ૧૧ | બોરીવલી | સાલવીવાડો |
| નિમેષભાઈ ધીરજલાલ શાહ | ૫૨ | અમેરિકા | માર. મહેતાનો પાડો |
| નિખિલ તરુણભાઈ શાહ | ૩૯ | તારદેવ | મહાદેવાજીની શેરી |
| ધીરાલી સંજયભાઈ શાહ | ૨૪ | અંધેરી | કોકાનો પાડો |
| કોકીલાબેન જયંતિલાલ શાહ | ૭૭ | મરીનડ્રાઈવ | ઝવેરી વાડો |
| ભવ્ય નિલેશભાઈ શાહ | ૧૮ | ગોરેગામ | વખતજીની શેરી |
| રીશીકા સમીરભાઈ શાહ | ૧૮ | ગોરેગામ | ખેતરપાલનો પાડો |
| મોક્ષી વીરલ દલાલ | ૧૩ | મલાડ | ડંક મહેતાનો પાડો |
| કુશલ જીગરભાઈ શાહ | ૧૨ | અંધેરી | લખિયાર વાડો |
| અશેષભાઈ અરવિંદભાઈ શાહ | ૫૪ | વિલેપાર્લા | ખેતરવસી |
| મુમુક્ષા પ્રદ્યોતભાઈ શાહ | ૧૭ | કાંદિવલી | ખડાખોટડીનો પાડો |
| ધર્મિષ્ઠા મનીષભાઈ શાહ | ૪૧ | ગોરેગામ | ખજુરીનો પાડો |
| બીજલ નીરજભાઈ શાહ | ૩૬ | ગોરેગામ | વખતજીની શેરી |
| ભૈરવ હરેશભાઈ શાહ | ૨૯ | દહીંસર | તંબોલી વાડો |
| વિધી દિપેશભાઈ શાહ | ૧૧ | અંધેરી | લીમડીનો પાડો |
| હીર નિલેશભાઈ શાહ | ૦૭ | હાજીઅલી | મહાલક્ષ્મીમાતાનો |
| જીયા ભાવિન શાહ | ૦૯ | મરીનડ્રાઈવ | વખતજીની શેરી |
| દિયા ચિરાગભાઈ શાહ | ૧૪ | ચોપાટી | તંબોલીવાડો |
| ઋષભ નિખિલભાઈ શાહ | ૧૩ | ગોરેગામ | માર. મહેતાનો પાડો |
| વિરલ જયેશભાઈ શાહ | ૨૮ | બોરીવલી | કુંભારિયાપાડો |
| કિંજલ વિરલભાઈ શાહ | ૨૮ | બોરીવલી | કુંભારિયાપાડો |
| બિરેન કૌશિકભાઈ શાહ | ૨૭ | વડોદરા | મનમોહનજીની શેરી |
| પ્રીતિબેન અતુલભાઈ શાહ | ૫૫ | વાલકેશ્વર | અબજીમહેતાનો પાડો |
| વિશાલ સુનીલભાઈ શાહ | ૨૯ | મરીનડ્રાઈવ | ભાભાનો પાડો |
| મનીત જયેશભાઈ શાહ | ૩૧ | મરીનડ્રાઈવ | કેશુશેઠનો પાડો |
| ભરતભાઈ વૃજલાલ શાહ | ૬૯ | મરીનડ્રાઈવ | કનાસાનો પાડો |
| માનસી હિતેશભાઈ શાહ | ૩૫ | બોરીવલી | વાસુપૂજ્યની શેરી |
| ઋષભ તેજશભાઈ શાહ | ૧૨ | બોરીવલી | વાસુપૂજ્યની શેરી |
| અવધિ તેજસભાઈ શાહ | ૦૯ | બોરીવલી | વાસુપૂજ્યની શેરી |
| કલ્પનાબેન અતુલભાઈ શાહ | ૫૮ | પ્રાર્થનાસમાજ | સંઘવીનો પાડો |
| કૃતિ અતુલભાઈ શાહ | ૨૦ | પ્રાર્થનાસમાજ | સંઘવીનો પાડો |
| ચૈતાલી અતુલભાઈ શાહ | ૨૪ | પ્રાર્થનાસમાજ | સંઘવીનો પાડો |
| જીની વિરલભાઈ ઝવેરી | ૩૮ | મરીનડ્રાઈવ | મનમોહનજીની શેરી |
| શોભનાબેન પંકજભાઈ શાહ | ૬૮ | કાંદિવલી | પંચોટીનો પાડો |
| શિતલ સફરી | ૩૭ | ભાયંદર | ગોદડનો પાડો |
| શેફાલી નિપુણભાઈ શાહ | ૩૪ | ગોવાલિયાટેન્ક | કસુંબીયા વાડો |
| હીરલ જતીનભાઈ શાહ | ૩૬ | તારદેવ | ચોધરીની શેરી |
| જહાનવી નિરજભાઈ સાંડેસરા | ૧૪ | વડોદરા | કસુંબિયા વાડો |
| કરણ રાજેશભાઈ શાહ | ૨૩ | પુના | શાંતિનાથની પોળ |
| નિર્મલભાઈ હરસુખલાલ શાહ | ૬૨ | ગોવાલિયાટેન્ક | લખિયાર વાડો |
| માલિનીબેન જયેશભાઈ શાહ | ૫૫ | ગોવાલિયાટેન્ક | લખિયાર વાડો |
| પહેલ પારસભાઈ શાહ | ૧૩ | મરીનડ્રાઈવ | કનાસાનો પાડો |
| લલિતભાઈ ગટુલાલ શાહ | ૭૭ | જોગેશ્વરી | ખડાખોટડીનો પાડો |
| નિલેશભાઈ ભુપેન્દ્રભાઈ શાહ | ૫૨ | મદ્રાસ | ખેતરવસીનો પાડો |
| ભક્તિ સિધ્ધાર્થભાઈ શાહ | ૨૮ | અંધેરી | કનાસાનો પાડો |
| હાર્દિક પ્રદિપભાઈ શાહ | ૩૬ | ગોરેગામ | કપુરમહેતાનો પાડો |
| કાશ્મિરાબેન મણિયાર | .... | વાલકેશ્વર | ચોધરીની શેરી |
| અમીતભાઈ વર્ધમાનભાઈ શાહ | ૫૦ | દાદર | કેશુશેઠનો પાડો |
| હીયા સમીરભાઈ શાહ | ૧૩ | ચોપાટી | મહાલક્ષ્મીમાતાનો પાડો |
| સાક્ષી ભાવિકભાઈ સાલવી | ૧૩ | સુરત | સાલવીવાડો |
| જીજ્ઞેશભાઈ લલિતભાઈ શાહ | ૪૫ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| તન્વી સમીરભાઈ શાહ | ૧૯ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| પ્રદ્યોતભાઈ ચીનુભાઈ શાહ | ૫૪ | કાંદિવલી | ખડાખોટડીનો પાડો |
| નયનાબેન દિલીપભાઈ શાહ | ૬૨ | મલાડ | ઝવેરીવાડો |
| ભાવેશ રમેશચંદ્ર ઝવેરી | ૪૫ | પાયધુની | સિદ્ધચક્રની પોળ |
| હીનાબેન મહેશભાઈ શાહ | ૬૦ | ચર્ચગેટ | મનમોહનજીની શેરી |
| કોષા દર્શનભાઈ શાહ | ૨૯ | મરીનડ્રાઈવ | કનાસાનો પાડો |

# અનુમોદના



**૪૫ ઉપવાસ**

નિલેશભાઈ ભરતભાઈ શાહ
ઉં.વ. ૪૦, હાજીઅલી
મહાલક્ષ્મીમાતાનો પાડો

## ૩૦ ઉપવાસ – માસક્ષમણ



**વૈશાલી નિલેશભાઈ શાહ**
ઉં.વ. ૪૦, ગોરેગામ
વખતજીની શેરી



**જ્યોતિબેન ભરતભાઈ શાહ**
ઉં.વ. ૬૧ મરીનડ્રાઈવ
કનાસાનો પાડો

## ૩૦ ઉપવાસ – માસક્ષમણ



**સ્મૃતિબેન મહેશકુમાર શાહ**
ઉં.વ. ૫૯, વડાલા
ઢંઢેરવાડો



**હેતલ હેમાંગભાઈ નંદરબારવાલા**
ઉં.વ. ૪૩, વાલકેશ્વર
ડંકમહેતાનો પાડો



**શર્મિષ્ઠાબેન દિલીપભાઈ શાહ**
ઉં.વ. ૭૦, માટુંગા
વાસુપૂજ્યની શેરી



**પંકજભાઈ લલિતભાઈ શાહ**
ઉં.વ. ૬૯, કાંદિવલી
પંચોટીનો પાડો

## સિદ્ધિતપ



હેતાલી વિપુલભાઈ શાહ
ઉં.વ. ૨૩, મરીનડ્રાઈવ
ઢંઢેરવાડો



દિપ્તીબેન શરદભાઈ શાહ
ઉં.વ. ૫૦, ગ્રાન્ટરોડ
વખતજીની શેરી



હેતલ પરેશભાઈ શાહ
ઉં.વ. ૨૧, તારદેવ
લીમડીનો પાડો



સ્નેહા સંજયભાઈ શાહ
ઉં.વ. ૪૩, તારદેવ
પોળની શેરી



સંજયભાઈ પ્રવિણચંદ્ર શાહ
ઉં.વ. ૪૫, તારદેવ
પોળની શેરી



મલ્લિકાબેન હેમંતભાઈ શાહ
ઉં.વ. ૫૩, બોરીવલી
લીમડીનો પાડો



અમિતાબેન રાજેશકુમાર શાહ
ઉં.વ. ૪૯, અમદાવાદ
ખેજડાનો પાડો



માલાબેન જયેશભાઈ શાહ
ઉં.વ. ૬૦, બોરીવલી
કોકાનો પાડો



તન્વી દર્શનભાઈ શાહ
ઉં.વ. ૨૮, વાલકેશ્વર
ઢંઢેરવાડો



પરેશભાઈ વિનોદચંદ્ર શાહ
ઉં.વ. ૫૩, તારદેવ
લીમડીનો પાડો

**નીકીતાબેન મનીષભાઈ શાહ ૪૯ તથા હિનાબેન હેમંતભાઈ શાહ ૫૪ મરીનડ્રાઈવ મહાલક્ષ્મીમાતાનો**

# શ્રી પાટણ જૈન મંડળ
## જીવન મહેક આયોજીત યુવક-યુવતી પરિચય મિલન અહેવાલ



મંચસ્થ મહાનુભાવો      શ્રી હિતેનભાઈનું ઉદ્‌બોધન તથા ઉપસ્થિત મંડળના હોદ્દેદારો

**તા. ૧૦-૯-૨૦૧૭ના યોજાયેલ જીવન મહેક સમિતિના હોદ્દેદાર, માનદ્‌મંત્રી (એડ.) શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળાએ** પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આપણા પાટણ સમાજના ગામે ગામ વસતા અપરિણિત દીકરા-દીકરીઓનું તેમની યોગ્યતા મુજબના જીવન સાથીની વૈવાહિક સંબંધો કેળવવા અને સફળ બનાવવા શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ઓનલાઈન ડિજીટલ મેચ-મેકીંગની કાયમીધોરણે શરૂઆત કરવામાં આવી છે.

આ પરિચય મિલનમાં ઓનલાઈન ૨૭૫ યુવક-યુવતીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાં તેમના વાલીઓ સાથે ૪૦૦થી વધુ વ્યક્તિઓએ હાજરી આપી હતી.

આ **પરિચય મિલન પરિણય મિલનમાં પરિણમે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.** શ્રીમતી કોમલબેન શાહે આ સમ્મેલનમાં સહભાગી યુવક-યુવતીઓનો પરિચય કરાવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, ઉપપ્રમુખો શ્રી વિરેન્દ્રભાઈ શાહ, શ્રી યશવંતભાઈ ઝવેરી, શ્રી દિપકભાઈ શાહ, શ્રી રોહિતભાઈ શાહ, શ્રી દાનેશભાઈ શાહ, માનદ્‌મંત્રીઓ (એડ) શ્રી અશ્વીનભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ શાહ, શ્રી હેમંતભાઈ સાલવી, શ્રી જનકભાઈ શાહે આ સમ્મેલનમાં ખાસ હાજર રહી શોભાયમાન કર્યું હતું.

**આ ડિજીટલ મેચ-મેકીંગના કમ્પ્યુટર પ્રોગ્રામીંગ તથા અન્ય કાર્યવાહી માટે માનદ્‌મંત્રી (IT) શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ દ્વારા સક્રીય સહયોગ પ્રાપ્ત થયેલ.**

❑ **જીવન મહેક સમિતિ**

### ડિજીટલ મેચ મેકીંગ આભાર યશના ભાગીદારો

શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ
શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ
શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ
શ્રીમતી રાગીણબેન ભરતભાઈ શાહ
શ્રી વિનેશભાઈ અરવિંદભાઈ શાહ
શ્રી નીતીનભાઈ રમણલાલ પટ્ટણી
શ્રીમતી નિશાબેન દીપેશભાઈ શાહ
શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ
શ્રી નીલેશભાઈ અરૂણભાઈ શાહ
શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ
શ્રી વિજયભાઈ જશુભાઈ શાહ
શ્રી મીલનભાઈ વિપીનચંદ્ર શાહ
શ્રીમતી પ્રાપ્તીબેન આશીતભાઈ શાહ
શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ
શ્રીમતી સ્નેહાબેન વિપુલભાઈ ઝવેરી
શ્રીમતી નમિતાબેન જયેશભાઈ શાહ.



ઉપસ્થિત ઉતસાહી યુવક-યુવતીઓ અને વાલીઓ



માનદ્‌મંત્રી શ્રી હિતેનભાઈ તથા કાર્યકરો



ઉતસાહી યુવક-યુવતીઓ અને વાલીઓ



રજિસ્ટ્રેશન કરતા શ્રી નિલયભાઈ-શ્રી પિયુષભાઈ

# સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટીમ ઓનર્સ ક્લોઝબીડ સમારંભ






ટીમ ઓનર્સ તથા મેઈન સ્પોન્સરર

ટીમ ઓનર્સોનું અભિવાદન કરતા મંડળના હોદ્દેદારો તથા મેઈન સ્પોન્સરર

## PATAN PREMIER LEAGUE CRICKET TOURNAMENT

*Sponsored by :*

## *Somira Diam*

*by Sonal Sandeep Shah and Kaushal Janak Shah*

*www.somiradiam.com*

*Co-Sponsored by :*

**Shri Mukeshbhai Chimanlal Patani**

SOMIRA PATAN Premier League PPL Mukesh Patni

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા **સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટની** ટીમ ઓનર્સ માટે રસ ધરાવતા નવ દાતાઓ સાથે ટુર્નામેન્ટ નિયમો તથા પ્રાપ્ત થનાર લાભોની માહિતી આપવા તા. ૩૦-૮-૨૦૧૭ના એક સંયુક્ત સભાનું આયોજન હાથ ધરાયેલ, જેમાં તેઓને સર્વેને પૂર્ણ માહિતી આપવામાં આવેલ.

આ ઉપરાંત અગાઉ જાહેર થયેલ ક્લોઝબીડનું આયોજન મંડળના સભાગૃહ ખાતે તા. ૧-૯-૨૦૧૭ના યોજાયેલ જેમાં સંસ્થાના હોદ્દેદારો, ટીમ ઓનર્સો ક્રીકેટ ટીમના કેપ્ટનો, સમિતિના સભ્યો ઈત્યાદિ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે **માનદ્‌મંત્રી (સ્પોર્ટસ) શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ** દ્વારા ઉપસ્થિત સર્વે સભાસદોને આવકાર આપવામાં આવેલ ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા ટુર્નામેન્ટની તૈયારીઓ વિશે ટૂંકમાં માહિતી આપવામાં આવેલ તેમજ મંડળના **પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ દ્વારા ટીમ ઓનર્સોને સંસ્થાના કાર્યોમાં રસ દાખવવા બદલ આભાર પ્રદર્શિત** કરવામાં આવેલ અને સ્પોર્ટસ સમિતિને બીરદાવવામાં આવેલ.

ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરર સોમીરા ડાય પ્રા. લિ.ના શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ તથા કો-સ્પોન્સરર શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણીને પુષ્પગુચ્છ એનાયત કરી સન્માનવામાં આવેલ.

SPPL ટુર્નામેન્ટમાં છ ટીમો માટે ૯ ઓનર્સો દ્વારા ક્લોઝબીડ ભરવામાં આવેલ જે પૈકી છ ઓનર્સ દ્વારા વધુ રકમ ભરાયેલ તેમને આવકારતા મેઈન **સ્પોન્સરર શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ, પ્રમુખશ્રી દિનેશભાઈ, માનદમંત્રી (એડ) શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહના હસ્તે સ્મૃતિચિન્હરૂપે બેટ અર્પિત કરી** અભિવાદન કરવામાં આવેલ.

**ZNL Challengers - શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા**
**Blasters - Suchit Jairaj Shah**
**Gladiators AMS Diam Sohil Anil Shah**
**Warriors - Kusum Masala**
**Strikers - S.K. Group**
**Superstar SPS - Pramodbhai Pramodchandra Shah**

ટુર્નામેન્ટની સમગ્ર કાર્યવાહી, નિયમાવલી, ગ્રાઉન્ડ બુકીંગ, મેચ ફોરમેટ વગેરે માટે અવાર નવાર યોજાયેલ મીટીંગોમાં ખૂબજ ઉપયોગી માર્ગદર્શન, સૂચન, સહકાર આપવા બદલ શ્રી હર્ષલભાઈ સંજયભાઈ શાહ, શ્રી નિશીતભાઈ ભુપેન્દ્રભાઈ શાહ વગેરેનો પણ આ પ્રસંગે આભાર માનવામાં આવેલ.

❑ **સ્પોર્ટસ સમિતિ**













# ત્રીજા ટ્રેડફેરનો અહેવાલ





દીપ પ્રાગટ્ય કરતા હોદ્દેદારો ટ્રેડફેર બુકનું વિમોચન કરતા દાતાઓ ટ્રેડફેરનું ઉદ્દઘાટન કરતા પ્રમુખશ્રી અને દાતાઓ

શ્રી પાટણ જૈન મંડળની સોશિયલ એન્ડ ઈકોનોમિક અપ્લિફ્ટમેન્ટ કમિટીના નેજા હેઠળ **તા. ૧૦-૯-૨૦૧૭ના રવિવારે ત્રીજા ટ્રેડફેરનું સફળતા પૂર્વક આયોજન થયું.** મુંબઈની ફાઈવ સ્ટાર હોટલ સહારા સ્ટારના ૪૦,૦૦૦ ચોરસફુટના સફાયર હોલમાં ૧૮૦ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦૦૦થી પણ વધુ લોકોએ મુલાકાત લઈ સ્ટોલધારકો તેમજ આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ વખતે અગાઉના ટ્રેડફેરની જેમ ઈમીટેશન જ્વેલેરી, હેન્ડબેગ્સ-પર્સ, ટ્રેડીશનલ પોશાકો તેમજ ડિઝાઈનર ડ્રેસ, નાના બાળકો તેમજ લેડીઝના ડ્રેસ, દિવાળી ડેકોરેશન, હેન્ડ પેઈન્ટીંગ્સ, ટુર-ટ્રાવેલ્સ, ફાઈનાન્સ, બેન્કીંગ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી તેમજ શૈક્ષણિક બાબતો અંગેના સ્ટોલો તો હતા જ પરંતુ રીયલ જ્વેલેરી, ડિઝાઈનર્સ ફર્નિચર તેમજ પાટણના કેટલાક ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓએ સ્ટોલો રાખ્યા હતા તે વિશેષ ધ્યાન ખેંચતા હતા.

શ્રી પાટણ જૈન મંડળ સાથે સંકળાયેલ તેમજ પાટણની અન્ય સંસ્થાઓ જેમકે શ્રી બી.ડી. હાઈસ્કુલ, ગત્વર્ષે રાજ્યપાલ હસ્તક ખાતમૂહુર્ત થયેલ. શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત આર્ટસ, સાયન્સ તેમજ કોમર્સ કોલેજ, **શ્રી પાટણ પાંજરાપોળ, શ્રી પાટણ કો.ઓ.બેન્ક તેમજ દીશા કાર્યશાળા, કનાસા કલ્યાણ કેન્દ્રના સ્ટોલો વિશેષ ધ્યાન ખેંચતા હતા.**

**શ્રી પાટણ જૈન મંડળના સ્ટોલ પર મંડળની ૧૦૪ વર્ષની પ્રવૃતિઓનું ૧૫ મિનિટના ઓડિયો-વિડિયો પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું.**

**સોશિયલ એન્ડ ઈકોનોમિક અપ્લીફ્ટમેન્ટ કમિટી** ઉપપ્રમુખ **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)ની** અધ્યક્ષતામાં ઉત્સાહી કાર્યકરો **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર, શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહ, શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, નિલેશભાઈ રમેશચંદ્ર શાહ સાથે કાર્યરત રહી છેલ્લા બે વર્ષમાં ત્રીજા ટ્રેડફેરનું આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું.**

શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી વતી માનનીય શ્રી હેમંતભાઈ શાહ (સાલવી વાડો), શ્રી તેજલ રાજુભાઈ (બેલતાજ) શાહ (પોળની શેરી), સોમીરા ડાઈમના શ્રીમતી સોનલ સંદીપ શાહ ને શ્રી કૌશલ જનકભાઈ શાહ (કેશુશેઠનો પાડો), શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) વતી શ્રી દાનેશભાઈ, શ્રી ભાગ્યેશભાઈ, શ્રી સુકેશભાઈ, શ્રી ધીરેનભાઈએ સૌજન્ય દાતારૂપે ટ્રેડફેરના માધ્યમથી સમાજને પ્રગતિના પંથે લઈ જવામાં ખૂબજ સુંદર સહયોગ આપેલ છે.

નવા વિચાર સાથે Industrial Sagment નો સાથ લેવા સમાજના ઉદ્યોગપતિઓ અને ઈન્ડસ્ટ્રિયલ સપ્લાયરોનો સંપર્ક કરવાનું ચાલુ કર્યું. જેમાં અમને ખૂબજ સુંદર પ્રતિસાદ મળ્યો. નાગદેવીમાં શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર શાહ તથા શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા તેમજ કેમિકલ્સ માર્કેટના શ્રી સંજયભાઈ રમેશચંદ્ર દ્વારા અનેક વેપારીઓએ સ્ટેન્ડીરૂપે જાહેરાત આપી સુંદર સહકાર આપેલ છે.

છેલ્લી ઘડીએ આવેલ સ્ટોલ ધારકોની વિગતો Yellow Pages (Participate Book)માં સમાવેશ કરી શકાયેલ નથી તે બદલ દિલગીર છીએ.

તા. ૧૦-૦૯-૨૦૧૭ સવારે ૯ વગ્યા સુધીમાં કાર્યકરોના સહકારથી બધાજ પાર્ટીશીપેન્ટોએ પોતાની સાધન-સમગ્રી સાથે સ્ટોલને શણગારી સ્ટોલમાં ગોઠવાઈ ગયા હતા.

આ અવસરે પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, પ્રથમ






પ્રમુખશ્રી દ્વારા ટ્રેડફેર સૌજન્ય દાતાઓનું મોમેન્ટો દ્વારા બહુમાન





પાટણ નગરની સચિત્ર માર્ગદર્શિકા Turist Guideનું વિમોચન કરતા મંડળના હોદ્દેદારો

ટ્રેડફના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત જનસમુદાય

ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી, શ્રી રોહિતભાઈ મહાસુખભાઈ શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા), શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ તથા ટ્રસ્ટીગણ, શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ ઈત્યાદી ડાયસ ઉપર શોભાયમાન હતા.

શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહના નવકારમંત્ર પઠણ બાદ શ્રી નિખિલભાઈ બેંકરે સ્વાગત પ્રવચન આપીને કાર્યક્રમની શરૂઆત કરી. મંડળના હોદ્દેદારો અને દાતાઓ દ્વારા દીપ પ્રાગટ્યનો પ્રસંગ સંપન્ન થયો. શ્રી દાનેશભાઈએ છેલ્લા ત્રણ ટ્રેડફેરનો ચિતાર આપીને દાતાઓ અને કાર્યકરોના સમન્વયથી જ સમાજના આવા કાર્યો થાય છે એની પ્રતિતી કરાવી.

શ્રી જનકભાઈએ ટ્રેડફેરના દાતાઓની ઓળખ આપી, ત્યારબાદ પ્રમુખશ્રીના હસ્તે તેઓને મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવેલ. ડાયસ ઉપર ઉપસ્થિત મહાનુભવોએ પોતાના પ્રવચનમાં ટ્રેડફેરના ક્રમબદ્ધ સુંદર આયોજન દ્વારા સમાજની થતી પ્રગતિની ઝાંખી આપેલ. શ્રી દેવેશભાઈએ આભારવિધિ કરતાં Yellow Pages (Participate Book)નું વિમોચન કરાવ્યું. પ્રમુખશ્રી તથા દાતાઓના હસ્તે રીબીન કાપીને ટ્રેડફેરનું વિધીવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ દરેક સ્ટોલની મુલાકાત એમનો ઉત્સાહ વધારવામાં સુંદર ભૂમિકા અદા કરી.

રીયલ જ્વેલેરીના સ્ટોલો બહું જ સારી રીતે શણગારેલ જેથી મુલાકાતીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યા હતા. આ ટ્રેડફેરમાં યશોકલગી સમાન ‘અતરંગી’ યુનિક ફર્નીચર'નો કોન્સેપ્ટ દ્રશ્યમાન થયો. પૌલોમીબેન કલ્પેશભાઈની દીકરી હર્ષીએ (ઢંઢેરવાડો) આ ફર્નીચરને ‘રાણકીવાવ ટ્રેડમાર્ક’ રજીસ્ટર કરાવીને પોતાના આર્ટને સમાજ સમક્ષ પ્રદર્શીત કરી, પાટણવાસીઓને નાની ઉંમરે વિશેષ ધંધાકિય સુઝનો પરિચય કરાવ્યો તે સમાજની યુવા પેઢી માટે દ્રષ્ટાંતરૂપ છે. એમની વેબસાઈટ, www.atrangiart.com લોન્ચ કરીને પ્રોડક્ટની ઓળખાણ આપી છે.

આ ટ્રેડફેરમાં દર એક કલાકે લક્કી ડ્રો દ્વારા આકર્ષક ઈનામે એનાયત કરવામાં આવેલ.

શ્રી પાટણ જૈન મંડળના માનદ્‌મંત્રીઓ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ** વગેરેએ તેમના સૂચનો તથા માર્ગદર્શન દ્વારા આ ટ્રેડફેરને સફળ બનાવવામાં સહયોગ આપ્યો છે જેને બિરદાવવામાં આવે છે.

સંસ્થાના અનુભવી આદરણિય **શ્રી મનુભાઈ જોષી, જ્ઞાનેશભાઈ, રાગેશભાઈ શાહ તેમજ સમગ્ર સ્ટાફની** સમર્પિત નિષ્ઠાને પરિણામે જ આ આયોજન સફળતાને વરેલ છે.

પ્રમુખશ્રીની ઉક્તિ **“સબકા સાથ સબકા વિકાસ”**ને સાર્થક કરવામાં આવા આયોજનો મહત્વના બની રહેશે.

❑ **સોશિયલ ઈકોનોમિક અને અપ્લિફ્ટમેન્ટ સમિતિ**


**મહાલક્ષ્મી માતાનો પાડો**

**તૈયાર ઘર વહેંચવાનું છે.**

**બે માળ અને ઉપર ધાબુ**

ADVT

**Contect : Nirav - 9833904672**






મંડળ તથા કોલેજના સ્ટોલની મુલાકાત લેતા મંડળના હોદ્દેદારો, ટ્રેડફેર સૌજન્ય દાતાઓ અને કાર્યકરો

# TRADE FAIR EXHIBITION





























# ટ્રેડફેર













**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

## નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ – મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

## સાભાર સ્વીકાર

**પાટણ શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ**

૧૧,૦૦,૦૦૦/- શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદભાઈ શાહ (તેલિયાવાળા) (મનમોહનજીની શેરી)

૪,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચિતારાની ખડકી)

**શિક્ષણ તથા આર્થિક સહાય ભેટ**

૫,૦૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વિમળાબેન પ્રેમચંદભાઈ જીવાચંદ શાહના સ્મરણાર્થે (વખતજીની શેરી) હ. શ્રી બીપીનભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રીમતી દીનાબેન રશ્મિકાંતભાઈ શાહ તથા શ્રી પરેશભાઈ

**મેડીકલ તથા શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વૈશાલીબેન વિદ્યુતભાઈ શાહના શ્રેયાર્થે હ. શ્રી વિદ્યુતભાઈ દેવેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ (મારફતિયા મહેતાનો પાડો) તથા શ્રી દિગીશાબેન સુજયભાઈ શાહ પરિવાર

**શિક્ષણ સહાય કોરપસ ફંડ**

૧,૫૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (મહાદેવાજીની શેરી)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૨૫,૦૦૦/- શ્રી રમેશભાઈ જીવણલાલ મણીલાલ ઝવેરી હ. શ્રી તેજષભાઈ કમલેશભાઈ ઝવેરી (ઝવેરીવાડો)

૧,૨૫,૦૦૦/- મે. તનવીરકુમાર એન્ડ કાું. હ. શ્રી સનયભાઈ નૈલેષભાઈ ચોક્સી (ઝવેરીવાડો)

૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ નાગરદાસ શાહ (વખારનો પાડો) હ. શ્રીમતી જ્યોત્સનાબેન, શ્રીમતી નલીનીબેન, શ્રીમતી પ્રવિણાબેન

**મેડીકલ / વૃદ્ધજન / શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ**

૧,૨૫,૦૦૦/- મુરબ્બી શ્રીયુત પન્નાલાલ કેશવલાલ શાહ ના સ્વાસ્થયપૂર્ણ ૯૦મી વર્ષગાંઠની ખુશાલીમાં. તેમની સુપુત્રી શ્રીમતી ભાવનાબેન પ્રદિપકુમાર શાહ હ. શ્રી હર્ષિતભાઈ પ્રદિપકુમાર શાહ (લખીયાર વાડો)

**મેડીકલ તથા આર્થિક સહાય કોરપસ ફંડ**

૫૦,૦૦૦/- સ્વ. શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વીમાવાળા)ના સ્મરણાર્થે. હ. સુપુત્રો શ્રી વિક્રમભાઈ, શ્રી દિવ્યેશભાઈ તથા હિતેનભાઈ. (ખેતરવસીનો પાડો - શાંતિનાથની શેરી)

**આર્થિક-વૃદ્ધજન સહાય ભેટ**

૧૧,૦૦૦/- શ્રી સુધીરભાઈ રમણલાલ શાહ (લખીયારવાડો) હ. શ્રીમતી પુષ્પાબેન રમણલાલ શાહ ચિ. કુશલ જીગરભાઈ શાહની અઠ્ઠાઈ નિમિત્તે.

**આર્થિક સહાય ભેટ**

૧૦,૦૦૦/- શ્રીમતી સંગીતાબેન સી. શેઠ

૧૦,૦૦૦/- પ્રતૃચા ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ)

**વધુ માટે જુઓ પાનું નં. ૧૪**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| સાલવી | સાલવી વાડો | હીરાબેન ગોપાલદાસ સાલવી | ૯૭ | આણંદ | ૧૮-૦૮-૧૭ | શ્રાવણ વદ-૧૧ |
| દશા પોરવાળ | કોકાનો પાડો | ભારતીબેન પ્રેમચંદ શાહ | ૭૩ | મરીનડ્રાઈવ | ૧૯-૦૮-૧૭ | શ્રાવણ વદ-૧૨ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | રંજનબેન રિદ્ધિશભાઈ શાહ | ૬૯ | વિલેપાર્લા | ૨૩-૦૮-૧૭ | ભાદરવા સુદ-૦૨ |
| વિશા શ્રીમાળી | મહાદેવાજીની શેરી | સવિતાબેન પનાલાલ શાહ | ૯૫ | અંધેરી | ૨૩-૦૮-૧૭ | ભાદરવા સુદ-૦૨ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | હેમેન્દ્રભાઈ એવંતીલાલ શાહ | ૭૮ | મરીનડ્રાઈવ | ૩૦-૦૮-૧૭ | ભાદરવા સુદ-૦૯ * |
| વિશા પોરવાળ | મલ્લાતનો પાડો | દિપીકાબેન ભરતભાઈ શાહ | ૬૭ | વિલેપાર્લા | ૦૧-૦૯-૧૭ | ભાદરવા સુદ-૧૦ |
| દશા પોરવાળ | કપુરમહેતાનો પાડો | વિરમતીબેન નવીનચંદ્ર શાહ | ૮૭ | કેમ્પસકોર્નર | ૦૩-૦૯-૧૭ | ભાદરવા સુદ-૧૨ |
| દશા ઓસવાલ | કસુંબિયાવાડો | સરોજબેન અરવિંદભાઈ પારેખ | ૭૪ | મુલુંડ | ૦૩-૦૯-૧૭ | ભાદરવા સુદ-૧૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | હેમંતભાઈ રજનીકાંત શાહ | ૫૮ | કેમ્પસકોર્નર | ૦૩-૦૯-૧૭ | ભાદરવા સુદ-૧૨ |
| દશા શ્રીમળી | મારફતિયા મહેતાનો પાડો | દર્શનાબેન (બિન્દાબેન) કુમારપાળ શાહ | ૬૯ | વિલેપાર્લા | ૧૨-૦૯-૧૭ | ભાદરવા વદ-૦૭ |
| વિશા શ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | પ્રેમિલાબેન નટવરલાલ શાહ | ૮૨ | કાંદિવલી | ૧૨-૦૯-૧૭ | ભાદરવા વદ-૦૭ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | હર્ષદભાઈ અમૃતલાલ શાહ | ૬૯ | અંધેરી | ૧૨-૦૯-૧૭ | ભાદરવા વદ-૦૭ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | જશવંતભાઈ ભોગીલાલ શાહ | ૭૯ | મરીનડ્રાઈવ | ૧૨-૦૯-૧૭ | ભાદરવા વદ-૦૭ |
| વિશા શ્રીમાળી | ચોધરીની શેરી | મહેન્દ્રભાઈ મણીલાલ શાહ (ભરૂચવાલા) | ૭૬ | મરીનડ્રાઈવ | ૧૫-૦૯-૧૭ | ભાદરવા વદ-૧૦ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

## ડિજીટલ મેચ-મેકીંગ

ડિજીટલ મેચ-મેકીંગ માટે સમાજના યુવક-યુવતીઓએ દાખવેલ ઉત્સાહને ધ્યાનમાં લઈ ઓનલાઈન રજિસ્ટ્રેશન પૂર્વવત ચાલુ રાખવામાં આવેલ છે, સંસ્થા દ્વારા સને ૨૦૧૩માં પ્રકાશિત પરિવાર પરિચયના આધારે લગભગ ૧૮૦૦ જેટલા યુવક-યુવતીઓની સંખ્યા છે જે પૈકી રહી ગયેલ અથવા નવા જોડાવા ઈચ્છતા સમાજના સર્વે પરિવારજનોને સંસ્થાની આ સમાજલક્ષી યોજનામાં ઉત્સાહભેર ભાગ લેવા આમંત્રણ છે.

આપના ઓનલાઈન રજિસ્ટ્રેશન સમયે આપની જીવનસાથીની પસંદગી માટે વિસ્તૃત માહિતી આપવા આગ્રહભરી વિનંતી છે, જેથી આપને પસંદગીના પાત્રની જાણકારી સરળતાથી પ્રાપ્ત કરાવી શકાય.

તો ચાલો હજી પણ તક ઉપલબ્ધ છે તેનો મહત્તમ લાભ લેશો.

ખાસ નોંધ (૧) ડિજીટલ મેચ મેકીંગ દ્વારા પ્રાપ્ત થતી માહિતી સાથેની કોઈ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

(૨) આપની પસંદગીના ૫-૭ ઉમેદવારોની યાદી અનૂકુળતાએ ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવશે.

ઓનલાઈન રજિસ્ટ્રેશન અથવા સાથે QR Code ઉપર કરવો. ઉપરાંત આપનો ફોટો piyush@patanmandal.org ઉપર મોકલાવશો.

## વ્યાસ અને સાંડેસરા

બહેરા-મુંગાની શાળાનું ગૌરવ - પાટણ ખાતે આવેલ આ શાળાના શિક્ષક **શ્રી ઘેમરભાઈ દેસાઈને** શિક્ષકદિન નિમિત્તે સ્પેશિયલ કેટેગરીમાં ગુજરાત રાજ્યમાંથી **શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો નેશનલ એવોર્ડ** એનાયત થયેલ છે, તે બદલ અભિનંદન. આ અગાઉ પણ આ શાળાના પ્રિન્સીપાલ કુસુમબેન ચંદારાણાને રાષ્ટ્રપતિ એવોર્ડ મળેલ હતો તે ઉલ્લેખનિય રહેશે, **અભિનંદન**


## ZANSKAAR

**On occasion of "Gandhi Jayanti"**
**Exhibition Cum Sale.**

Of contempory clothing for women-made from Indian artisan worked fabrics. When you buy from Zanskaar your support dignity in labor and local artist. You support swadesi swag !

Casual tops, dresses, gowns, Kurtis, night suits.
Come visit up !
Special discount for Patanis on selected items !

6th & 7th October – 10 am to 7 pm.
World Trade Centre North & South Lounge, Cuffe Parade.

**• Contact •**
Smita Sanghavi : 9323290148
Annuja Sanghavi : 9819374099

ADVT


પાના નં. ૧૩થી ચાલુ

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૫,૦૦૦/- શ્રી અજયભાઈ જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો) વિધિ અજયભાઈ શાહના ૧૬ ઉપવાસ નિમિત્તે હ. રીમાબેન, જીનય તથા ફોરમ

૫,૦૦૦/- શ્રી ભાભા પાર્શ્વનાથ જૈન દેરાસર તથા નિર્મળગચ્છ આરાધક ટ્રસ્ટ, પાટણ-મુંબઈ.

**ટ્રેડફેર સૌજન્ય દાતા**

૩,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી હ. શ્રી હેમંતભાઈ શાહ (સાલવી વાડો)

૩,૦૦,૦૦૦/- શ્રી તેજલ રાજુભાઈ (બેલતાજ) શાહ (પોળની શેરી)

૩,૦૦,૦૦૦/- શ્રી સોમીરા ડાઈમ પ્રા. લિ. હ. શ્રીમતી સોનલબેન સંદિપભાઈ શાહ તથા શ્રી કૌશલભાઈ જનકભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) હ. શ્રી દાનેશભાઈ, ભાગ્યેશભાઈ, શ્રી સુકેશભાઈ તથા શ્રી ધિરેનભાઈ શાહ (કનાસાનો પાડો)



## કાળધર્મ

પાટણના કનાસાના પાડાના અને ડીસામા વસવાટ કરતા ધર્મશિલ પરિવારના શ્રી નેમચંદભાઈ જેશિંગલાલના સુપુત્ર કુમારભાઇએ પૂજ્ય ગુરૂમા પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સા. પાસે દિક્ષા અંગિકાર કરી **કીર્તિ દર્શનવિજયજી મ. સા. બન્યા.** પ્રવચન પ્રભાવક તેવા પુજ્યશ્રીએ દિક્ષા પર્યાય દરમીયાન ૧૨૩ ઓળીઓની આરાધના તેમજ અનેક શાસન પ્રભાવના કરી તા. ૧૯-૯-૨૦૧૭ ના મુંબઈ મુકામે કાળધર્મ પામ્યા છે.

**જય જય નંદા... જય જય ભદ્રા**

## વસતિપત્રક અપડેટ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા લગભગ પાંચ વર્ષ અગાઉ પ્રકાશિત પરિવાર પરિચય પશ્ચાત આપના પરિવારની ફોન નંબર, ઈ-મેઈલ તેમજ વૈવાહિક કક્ષા, ઈત્યાદિમાં પણ ફેરફારો થયેલ હશે.

આ પરિવાર પરિચય વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ તેમાં જરૂરી સુધારા કરી શકાય તેવા શુભ આશયથી આ સાથે આપેલ QR Code મારફત આપની માહિતી જરૂરથી મોકલાવશો જેથી સંસ્થાનો રેકોર્ડ અપડેટ થઈ શકે, તેમજ આપનો સંપર્ક સાધવા સૌને સરળતા થઈ શકે.

**અપડેટ થનાર માહિતી મોકલતા સમયે પરિવારના વડીલનું નામ, પાટણનો મહોલ્લો, જન્મ તારીખ, ઈ-મેઈલ, મોબાઈલ, વૈવાહિક કક્ષા વગેરે અવશ્ય લખવું.**

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

પ્રેરિત

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન

## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી

**નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું**

નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું આમંત્રણ છે.

**દિનાંક: રવિવાર, તા. ૨૯-૧૦-૨૦૧૭**

**સંવત ૨૦૭૪, કારતક સુદ ૦૯, સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે)

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ, ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ.**

આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન રાખેલ છે, જેમાં આકર્ષક ઈનામો આપવામાં આવશે.

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં.

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2017.
PATAN PRATIBIMB ● September 2017 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month




## પાટણ નગરની સચિત્ર માર્ગદર્શિકા

### Tourist Guideનું પ્રકાશન

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળાશેર, પાટણમાં આવનાર યાત્રાળુઓને ઉપયોગી એવા ૧૦૮ પાર્શ્વનાથ પૈકીના આઠ વિવિધ મહોલ્લાના જિનાલયો, ધર્મશાળા, હોટેલ, ભોજનશાળા, પાટણ ખાતે જોવા લાયક રાણીનીવાવ, હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર, સહસ્ત્રલીંગ તળાવ ઈત્યાદી સ્થળોની મહિતી, અગત્યની સેવાના ટેલીફોન નંબરો ઈત્યાદી વિગતો ધરાવતી પાટણ એક તીર્થ પુસ્તિકાનું વિમોચન કરવા પુસ્તિકા પ્રકાશન ખર્ચના દાતાશ્રી વતી શ્રીમતી કોમલબેન રૂપેનભાઈ દેવડાવાળા દ્વારા આ પુસ્તિકા મંડળના હોદ્દેદારોને વિમોચન-પ્રકાશન કરવા માટે આપવામાં આવેલ જે તા. ૧૦-૯-૨૦૧૭ના ત્રીજા ટ્રેડફેરમાં મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારોના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પુસ્તિકાને માધ્યમે, પાટણ ખાતે દર્શનાર્થે, મહોલ્લા ઉત્સવ પ્રસંગે કે અન્ય કામકાજ માટે પાટણ ખાતે આવનાર યાત્રાળુઓની સંખ્યામાં વધારો કરી સકીશું. તેના આધારે અતિથિગૃહનો વધુમાં વધુ યાત્રાળુઓ લાભ લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ માર્ગદર્શિકા પ્રકાશનના મુખ્ય આધાર સ્થંભ આર્થિક સહયોગ આપનાર કપુરમહેતાના પાડાના શ્રી મહેશભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી રજનીભાઈ રમણીકલાલ શાહ, શ્રી જીવદયાધામના પ્રેરક પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## ૧૦૪ વર્ષનો ઈતિહાસ

શ્રી પાટણ જૈન મંડળની સને ૧૯૧૨માં થયેલ સ્થાપનાથી ૧૦૪ વર્ષના સુવર્ણમય કાળ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ - પ્રોજેક્ટોને આવરી લેતી ફોટોગ્રાફ સહીત લગભગ ૧૫ મિનિટની એક વિડીયો ક્લીપ પણ ત્રીજા ટ્રેડફેરમાં ઈનોગ્રેશન કરવામાં આવેલ. જે આપશ્રી જરૂરથી નિહાળશો તેવી આશા રાખવામાં આવેલ છે.

આ વિડીયો ક્લીપમાં...

- ૦ સંસ્થાના કાર્યાલયોના સરનામા - ફોન નંબર
- ૦ મંડળની સ્થાપનાથી આત્યાર સુધીના સચિત્ર પ્રમુખોની યાદી.
- ૦ મંડળના ટ્રસ્ટીઓ, મુખ્ય હોદ્દેદારો તથા વિવિધ પેટા સમિતિઓના માનદ્ મંત્રીઓની વિગત.
- ૦ મેડીકલ કોરપસ - શિક્ષણ કોરપસ - સમાજ ઉત્કર્ષ કોરપસ ફંડ તથા પાટણ શતાબ્દિ ગૌરવ ફંડના દાતાઓની નામાવલી.
- ૦ મંડળ દ્વારા શિક્ષણ સહાય, મેડીકલ સહાય તથા સ્ત્રી ઉદ્યમ-ભાડા - આર્થિક સહાયની વિગત (ચાર્ટ).
- ૦ પાટણ ખાતે પૂર્વ પ્રાથમિક શાળા, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળા, આર્ટસ, સાયંસ, કોમર્સ કૉલેજ, છાત્રાલય જ્ઞાનપીઠ, અતિથિગૃહ, કાર્યશાળા પ્રવૃતિની વિગતો.
- ૦ મુંબઈ ખાતેના મરીનડ્રાઈવ, રતનનગર, ભાયંદર હાઉસિંગ પ્રોજેક્ટ, હેલ્થકેર સેન્ટર, લાયબ્રેરી.
- ૦ નૂતન વર્ષ સ્નેહ સમેલન, દાંડિયા રાસ, સમુહ લગ્ન, ભુકંપ રાહત કાર્ય, ટ્રેડફેર, યુવક-યુવતી મિલન સમારંભ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઝાંખી, સિનિયર સીટીઝન યાત્રા પ્રવાસોની ઝલક.
- ૦ ઈન્ડોર ગેમ, આઉટડોર ગેમ, ક્રિકેટ ટુર્નામેન્ટ.
- ૦ મુમુક્ષુ અભિવાદન.
- ૦ પાટણ રત્ન એનાયત

આ વિડીયો ક્લીપ મંડળની વેબસાઈટ www.patanmandal.org ઉપર મુકવામાં આવેલ છે.

**Programs for October 2017**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Sneh Sammelan | Sun | 29-Oct | Kartak S 9 | 4 pm to 7 pm | Garware Club | Program |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,